# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૯/ક્વા-03/૨૦૨૦-૨૧/૮૦ તા.૨૬.૦૨.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૯/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી સંજયભાઈ વશરામભાઈ ડાંગરીયા ગામ – કાલાવડ

સબડીવીઝન: કાલાવડ પુર્વ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર ગ્રામ્ય

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: સોમવાર (૦૮.૦૨.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮.૦૨.૨૦૨૧ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમારા દ્વારા જામનગર તાલુકાના મોડપર ગામ વીકેન બંગ્લોઝ બનાવવાનો એક પ્રોજેક્ટ ચાલુ છે જે બાબતે અમારા દ્વારા ઉપરોક્ત જગ્યા માટે અમોએ કનેક્શન ની માંગણી કરેલ હતી તારીખ ૩૦.૦૬.૨૦૧૮ એ પહોચ નંબર ૬૧૯૭૫૦ થી પૈસા ભરેલ છે પરંતુ પીજીવિસિએલ દ્વારા તેઓના નિયમોનું ઉલ્લંઘન કરીને અમોને આજ દિવસ એટલે કે તારીખ ૦૭.૧૦.૨૦૨૦ ના રોજ બે વર્ષ ચાર મહિના જેટલો સમય વિતવા છતાં કોઈ જ કનેક્શન મળેલ નથી ઉપરોક્ત બાબતે અમારા દ્વારા અવારનવાર મૌખિક તેમજ ટેલીફોનીક રજૂઆત લગાતાર ઓફિસને

કરેલ છે આમ છતાં પણ અમોને ઉપરોક્ત બાબતનું કનેક્શન મળેલ નથી ઉપરોક્ત કનેક્શન ક્યા કારણોસર મળેલ નથી જે આજ દિવસ સુધી જાણવા મળેલ નથી તેમજ અમારા દ્વારા ઉપરોક્ત જગ્યા પર જરૂરિયાત કરતા જાજો સમય થતાં રોકાણ થયેલ છે તે નફા કરતા પીજીવીસીએલ બેદરકારી ના લીધે ઉપરોક્ત અમારો પ્રોજેક્ટ રોકાયેલ છે તેમજ અમો ને જે તે મેમ્બર ની ફી પેટે વ્યાજ આપવું પડે છે તથા જાહેરમાં અમારો પ્રોજેક્ટ કનેક્શન ન મળવાને લીધે અમારા નામની બદનામી થાય છે તેમજ અમારે અગણિત વ્યાજ ચૂકવવું પડેલ છે ઉપરોક્ત બાબતે જે તે અધિકારી નાં પગારમાંથી પૈસા કાપી અમોને થયેલ નુકસાની ચુકવણી તથા અમોને તાત્કાલિક કનેક્શન આપવું તથા લગત અધિકારીને યોગ્ય સજા કરવી જેથી અમારા જેવા પ્રતિષ્ઠાવાન માણસોને નીચું જોવાનું ના થાય ઉપરોક્ત બાબતે તાત્કાલિક કાર્યવાહી કરવી એવી આપ સાહેબને નમ્ર અરજ છે આ સાથે સાધનિક કાગળો રજૂ છે.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ફરીયાદી શ્રી સંજયભાઇ વસરામભાઇ ડાંગરીયા, ગામઃ કાલાવડ, તા. કાલાવડ જીઃ જામનગર કે જેઓએ નામદાર ગ્રાહક ફોરમમાં ફરીયાદ કરેલ જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧) મુળ અરજી કરનારનુ નામ | : શ્રી સંજયભાઇ વસરામભાઇ ડાંગરીયા, |
| ૨) પત્ર વ્યવહારનુ સરનામુ | : ધોરાજી રોડ, કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશન પાછળ, શ્રીજી ફાર્મ હાઉસ કાલાવડ, તા. કાલાવડ, જી : જામનગર. |
| ૩) ફરીયાદીનુ નામ અને જગ્યાનુ સરનામુ | : શ્રી સંજયભાઇ વસરામભાઇ ડાંગરીયા, ગામ : મોડપર, તા. જીઃ જામનગર |
| ૪) અરજી તારીખ | : ૨૨.૦૬.૨૦૧૮ નાં રોજ પહોચ નંબર ૬૧૮૩૨૭ થી રૂા.૧૦૦/- ભરેલ. (રહેણાંક હેતુ) |
| ૫) અંદાજપત્ર આપ્યા તારીખ | : તા. ૩૦.૦૬.૨૦૧૮ રૂા. ૧૬,૩૯૧.૦૦ |
| ૬) અંદાજપત્ર ભરપાઇ તારીખ | : તા. ૩૦.૦૬.૨૦૧૮ પહોંચ નં. ૬૧૯૭૫૦-૫૧ રૂા. ૧૬,૩૯૧.૦૦ |
| ૭) વિજભાર માંગણી | : ૬.૫ કિ.વો.. |
| ૮) કનેકશન માંગણી સર્વે નંબર | : ૧૦૫ પૈકી ૪ (બીન ખેતી થયેલ મોડપર વાળી વિસ્તારમાં) |

3.૧ સદર અરજદાર દ્વારા રહેણાંક હેતુ માટે ઇસ્ટ પેટા વિભાગ કાલાવડ ઓફીસે નવા વિજ કનેકશન માટે તા. ૨૨.૦૬.૨૦૧૮ નાં રોજ અરજી કરેલ હતી. તેના અનુસંધાને અરજદારને નાણા ભરવા માટે ઇસ્ટ પેટા વિભાગ કાલાવડ દ્વારા અંદાજપત્ર તા. ૩૦.૦૬.૨૦૧૮ નાં રોજ આપેલ હતુ જે સદર અરજદાર દ્વારા તા. ૩૦.૦૬.૨૦૧૮ નાં રોજ ભરપાઇ કરી આપેલ છે. નાણા ભરપાઇ થતા સદર જગ્યાએ કલાવડ ઇસ્ટ પેટા વિભાગ હેઠળના કોન્ટ્રાકટરના કામદારો નવી વિજ લાઇન ઉભી કરવા માટે ગયેલ હતા. પરંતુ નવી વિજ લાઇન નાખવા માટે ફોરેસ્ટ વિભાગના અધીકારી દ્વારા લાઇન ઉભી કરવા માટે મૌખીક મનાઇ કરેલ હતી. આથી તે વખતે સદર અરજદારનુ લાઇન કામ થયેલ ન હતુ. આથી ફોરેસ્ટ વિભાગે મનાઇ કરેલ છે તે બાબતની લેખીત જાણ અરજદારને કાલાવડ ઇસ્ટ પેટા વિભાગ દ્વારા તા. ૨૩.૧૦.૨૦૧૮ નાં રોજ કરવામાં આવેલ હતી અને જણાવેલ હતુ કે ફોરેસ્ટ વિભાગના અધીકારી સાથે સંકલન કરી નવી વિજ લાઇન ઉભી કરવા માટેનો વે કલીયરન્સ કરાવી આપવો. પરંતુ સદર અરજદાર દ્વારા ફોરેસ્ટ વિભાગની મંજુરી લેવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ ન હતી. આથી અરજદારને કાલાવડ ઇસ્ટ પેટા વિભાગ દ્વારા તા. ૦૧.૧૨.૨૦૧૮ નાં રોજ ફરીથી ફોરેસ્ટ વિભાગની મંજુરી માટે કાર્યવાહી કરવા અથવા આપના દ્વારા અંદાજપત્ર મુજબના નાણા ભરેલ તે પરત મેળવવા માટેની અરજી કરી જવા જણાવેલ હતુ. તેમજ સદર

બાબતે અરજદારને કાલાવડ ઇસ્ટ પેટા વિભાગ નાયબ ઇજનેર દ્વારા અનેક વખત રૂબરૂ તેમજ ટેલીફોનીક જાણ કરવામાં આવેલ હતી.

3.૨ આમ સદર નવા વીજ કનેકશન બાબતે અરજદારે ન તો ફોરેસ્ટ વિભાગની વે કલીયરન્સ મંજુરી માટેની કાર્યવાહી કરેલ કે ન તો રીફંન્ડ માટેની અરજી કરેલ. આથી સદર અરજદારની અરજી ને ઇ ઉર્જા સિસ્ટમમાં કેન્સલ બાય યુઝર કરેલ છે.

3.3 ત્યાર બાદ સદર અરજદાર દ્વારા તા. ૦૮.૧૦.૨૦૨૦ નાં રોજ નામદાર ગ્રાહક ફોરમમાં નવા વિજ કનેકશન આપવા માટે કાર્યવાહી કરવા માટે ફરીયાદ અરજી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને કાલાવડ ઇસ્ટ પેટા વિભાગના નાયબ ઇજનેર દ્વારા ટેલીફોનીક થી અરજદાર શ્રી સંજયભાઇ વસરામભાઇ ડાંગરીયાને ફોરેસ્ટ વિભાગની મંજુરી બાબતે પુછતા તેઓએ જણાવેલ કે અમોએ તારીખ ૨૦.૦૮.૨૦૨૦ નાં રોજ ફોરેસ્ટ વિભાગમાં વે કલીયરન્સ મંજુરી માટે ઓન લાઇન અરજી કરેલ છે. અરજીમાં સપોર્ટીંગ ડોકયુમેન્ટ તરીકે જોડેલ પુરાવાની નકલો શ્રી સંજયભાઇ વસરામભાઇ ડાંગરીયા પાસેથી કાલાવડ ઇસ્ટ પેટા વિભાગના નાયબ ઇજનેર દ્વારા મેળવેલ છે. જે આ સાથે સામેલ રાખેલ છે.

3.૪ આમ સદર રહેણાંક હેતુ માટેનુ નવુ વિજ કનેકશન હાલમાં ફોરેસ્ટ વિભાગની મંજુરી ન મળવાને કારણે આપી શકાયેલ નથી. સદર અરજદાર દ્વારા ફોરેસ્ટ વિભાગની વે કલીયરન્સ મંજુરી રજુ કરશે કે અગ્રીમતાના ધોરણે લાઇન કામ પુરુ કરી નવા વિજ કનેકશન આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

## :: હુકમ ::

૪.0 અરજ્દારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ ના ૩.૪ મુજબ નવા વીજ કનેક્શન માટે અરજદાર શ્રી દ્વારા ફોરેસ્ટ વિભાગ ની મંજૂરી મળ્યા બાદ પ્રવર્તમાન નિયમ મુજબ આગળ ની કાર્યવાહી કરવા પીજીવીસીએલ ને હુકમ કરવા માં આવે છે.

૪.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના

સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯